उदेपूरना महाराणा

प्रतापसिंह नाटकनां गायने.

વાંકાનેર આર્યહિતવર્ધક નાટક કં. માટે.

રચિને પ્રસિદ્ધ કરનાર.

રાવલ ત્રંબકલાલ દેવશંકર.

અને

ત્રવાડી ત્રંબકલાલ રામચંદ્ર.

વાંકાનેર આ. હિ. વ. ના. કં. ના મેનેજર.

આવૃત્તિ ૧ લી પ્રત ૧૦૦૦

અમદાવાદ.

પાનકોરને નાકે ધાંચીની વાડીમાં

"એંગ્લો વર્નાક્યુલર પ્રિંટિંગ પ્રેસ"માં

નથુભાઈ રતનચંદ મારફતીઆએ છાપ્યાં.

સંવત ૧૯૪૭ સને ૧૮૯૦

કિંમત બે આના.

॥ अर्पण पत्रिका. ॥

મુરબ્બી શુભેચ્છક.—

જાની. કલ્યાણજી પૂંજારામ..

કાઠિયાવાડ એજન્સિ વકીલ.

મુ. સાણંદ.

વિદ્યા વૃદ્ધિનાં કાર્યોમાં આપનો ઉત્સાહ, અને ઉદારતા, સર્વ બાંધવોનું શ્રેય કરવામાં અત્યંત પ્રિતિ, શુભ કાર્યોમાં અગ્રેસર તથા અમારો ઉત્કર્ષ થવામાં નિરંતર શ્રમ લ્યોછો, એ સર્વ સ્તુતિપાત્ર ગુણોને લીધે આપના પ્રતિ સ્વદેશીજનોને સ્વાભાવિક રીતિએજ આલ્હાદના અંકુરો પ્રાદુર્ભાવ થઈ આ જગતમાં પ્રસરતા ચાલ્યા છે એ સર્વે જણાવવા સારૂં આ લઘુગ્રન્થ આપને અમે પ્રેમપૂર્વક અર્પણ કરીયે છીયે તે સ્વીકારશોજી.

મુ. વાંકાનેર.

તા. ૧-૧૨-૯૦.

લિ આજ્ઞાંકિત,

ત્રંબકલાલ દેવશંકર રાવળ.

અને

ત્રંબકલાલ રામચંદ્ર ત્રવાડી.

૪૭૦૪

उदेपूरना महाराणा.

प्रतापसिंह नाटकनां गायनो.

બધાં પાત્રો મળી ગાય છે.

(નાથ કેસે ગજકો બંધ છોડાયો. એ રાહ.)

નમ્ર થઈ આર્ય જનોની પાસે, કરીયે વીરનું નાટય હુલ્લાસે ટેક.
જે નર દીલ્લિપતિશાહસંગે, પુત્રી ન દીધી ન નમીયો;
ક્ષત્રિપણું શુદ્ધ જાળવ્યું જેણે, ખાંતે ખંજર ખેંચી રમીયો નમ્ર. ૧
દુ:ખ સમુદ્ર સહી શાહ સામે, હામ ધરી બહુ લડીયો;
અડગી એકજ આ અવનિમાં, શાહને પાય ન પડીયો. નમ્ર. ૨
ધન્ય ધન્ય પ્રતાપ તને ધન્ય, ધન્ય તવ પિતુ માત;
ક્ષત્રિને અતિ ઉજવળ કીધા, તુજ અમર ધર્મ તાત. નમ્ર. ૩
પવિત્ર "પ્રતાપ"નું નામ પ્રતાપિ, ગુણ કર્મ પૂર્ણ પ્રતાપ;
પવિત્ર પરાક્રમ પ્રતાપનાં ગાતાં, પવિત્ર થાય મટી પાપ. નમ્ર. ૪
સુયશ તેના છાઈ રહ્યા જુઓ, આ દુનિઆમાં સદાઈ;
ઉતમ નાટક એવા નૃપોનાં, ભજવિયે અમે સુખદાઈ નમ્ર. ૫

સુત્રધાર (પ્રવેશ કરતાં.) ગીતિ.

મહા પ્રતાપી રાણો, મહિમાવંતો મેવાડનો મહીપ;
ઇચ્છા એવી થઈ જે, ગણું હું તેના ગુણ પ્રિત સહીત. ૧

(વિદૂષક પ્રત્યે.)

અરિ વૃંદને રોળી, કેશરીસમ કરતો પરાક્રમ નિત્યે;

અર્જુનસમ તે શૂરવીર, અનમીપણું પણ ધરીયું નિશ્ચિંતે. ૧
રણમાં રસીયો ભારી, ભાનુવંશી એજ ક્ષત્રિ વીર;
અવરેખ્યો અવનિમાં, પ્રતાપી એકજ "પ્રતાપ" રણધીર. ૨

પ્રવેશ ૧ લો.

રાણી. રાગ હે રમાપતિ, એ રાહ.

સુણરે સહચરી, હું વાત કહુ ખરી;
ગઢ ચિતોડના જવાથી, રાય દીલગીરી. ટેક.
આર્યસ્થાન યવનોએ લીધાં, રહ્યાં ન રજપૂત નામ;
સૌ ક્ષત્રિઓ નમ્યા તુરકને, મેલી કુળ અભિમાન. ૧
ઉદયસિંહ ઉપજતાં ખોયો, મેવાડનો મહિમાય;
સગરોભાઈ નગરો થઈને, રહ્યો શાહને ત્યાંય. ૨
એ અગ્નિ રાણાજી ઉરમાં, પ્રગટ થઈ આ વાર;
તેથી ક્ષણું વિરામ લીધા વિણુ, વિધ વિધ કરે વિચાર. ૩
ક્ષત્રિપણું હજી શીસોદિયામાં, વ્યાપિ રહ્યું કરી વાસ;
અનેક સંકટ સહન કરો અરી, ઉર ઉપજાવે ત્રાસ. ૪

દાસી — લાગી છે લગન્યો આલીજાનની ધણી, એ રાહ.

હમીર વંશની હમેશ રીત એજ છે;
શુદ્ધ ધર્મ ધારી નેકી ટેકી તેજ છે. ટેક.
સ્વદેશાભિમાન વળી અનમીપણું;
વસેલ વિશેષ રવી વંશમાં ઘણું. હમીર.

પરાક્રમી થયા આપ કુળમાં ઘણા;
બાપા સંગ લાખામાં કહો શી મણા! હમીર.
યવનો અપારને કરી ચકચૂર;
રણમાં લેવાર્યાં મુખે તરણ ને ધૂળ. હમીર;
જુવો કરમદેવી શૂરી આપણીજ માત;
હામથી હરાવ્યો શાહ કરી ઉતપાત. હમીર.
બાપારંશી બહાદૂરોની છે એવીજ રીત;
અદ્વિતિય વિર આપનાથ છે ખચિત. હમીર.

અમરસિંહ— રાગ બિહાગની લાવણી.

કેમ શીસોદિયાની, રીત વિસારી દાદે;
દીધું ચિતોડ યવનને, હિચકારા થઈ હાથે. ટેક.
શું મરણ થકી ભયભિત, થઈને ભાગ્યા;
એવા કલંકિત કયાંથી, રવીકુળ માંહી જાગ્યા. ૧
યશ લઈ ગયા તે, થયા વિશ્વ વિખ્યાત;
શું હમીરવંશમાં, થયો દીસે ઉતપાત. ૨
આ વાર છરૂં લાચાર, કરૂં શું હાથે;
નાની વય મારી, તેથી નિરૂપાયે. ૩

પ્રવેશ ૨ જો.

પ્રતાપ— ગીતિ.

અરેરે આ વખતે તો, ક્ષત્રિપણાનો નાશ થવા આવ્યો;

પુરૂષારથ હિન ક્ષત્રિ, થતાં યવન બહુ અવનીમાં ફાવ્યો. ૧
શીસોદિયા સિંહોથી, ત્રાસ પામી નહીં આશ યવન કરતા;
તે મુગલો આ વારે, મસ્ત થઈ જોઉ મેવાડમાં ફરતા. ૨

રાગ આશાગોડી.

ટેક રાખો જગકર્તા, ક્ષત્રિ તણી. ટેક.

સબલક્ષત્રિ તે પવિત્ર સૂતા લઈ, શાહને ઘર જઈ ભરતા. ૧
ક્ષત્રિવટ ખોઈ મુગલો પાસે, સાળા બની છત્ર ધરતા. ૨
વિષમ વખત અવલોકું અરેરે, સિંહ અજાથી ડરતા. ૩
મેવાડ માનીતી ભૂમિ ક્ષત્રિની, યવન ઈચ્છા તેની કરતા. ૪

રામસિંહ.— ગીતિ.

કીર્તિ યશ જગમાંહી, કદી ચળે નહીં ધ્રુવ ચળે તોયે;
ધન દોલત સુખ સર્વે, જાયે પાછાં મળે દીન કોયે. ૧

પ્રવેશ ૩ જો.

પ્રતાપ— ગીતિ.

અસી ધરી આ કરથી, કરત તખત દીલ્લિનું ચકચૂર;
યવન અરીદળી પળમાં, આર્યસ્થાનને હર્ષ કરત ઉર. ૧
પણ પ્રભૂ કૃતિની પાસે, નિરૂપાયથી થાઉં ઉદાસ;
મ્લેચ્છ ફરે આ વખતે, શુદ્ધ ભૂમિમાં કરી બહુ ત્રાસ. ૨

ગઢ ચિતોડ લઉંજો, મુજ મન વૃત્તિ વિશામ તો પામે;
નહીંતો આ અવનિમાં, વૃથા જન્મ શું ધર્યો મેં આ ઠામે. ૩

રાગ બિહાગની લાવણી.

જગનાથ જગતમાં કીર્ત્તિ યવનની આ શી;
લઉં ક્ષત્રિવટને કાજ, અટક અવિનાશી. ટેક.
હિંદુનો ધર્મ હરનાર, યવન અવનીથી;
સંહારૂં શોધી મુગલ, ગર્ભ માંહેથી. ૧
કર્તા રવીવંશી રાજ, છત્ર શિર ધારી;
કરૂં કબજે તે ચિતોડ, અરીદળ મારી. ૨
કરૂં ઠાર ભ્રષ્ટ ક્ષત્રિને, અસીની ધારે;
શૈય્યાપર સુતાં, સુખ મુજને ત્યારે. ૩
મારૂં મહિમાંથી, યવન અરી આ વાર;
ત્યારે હું સુખથી, જમીશ જુગદાધાર. ૪
ડોલાવું દીલ્લિ કરી—અતિ ઉતપાત;
મુજ માતુ કેરૂ, દૂધ કરૂં વિખ્યાત. ૫
કિરતાર કહીશુ પણ, આજ ધરૂં મુજ માથે;
હિંદુપત કેરી લાજ, પ્રભુ તુજ હાથે. ૬

રાણી. (ગભરાઈને.) હિંડી.

કરૂં અરજ દીન દાસી હું તમારી,
ધરો ઉરમાં આ વાર સ્નેહ ધારી;
શું વિચારમાં રહોછો નાથ મારી. ટેક.

બહુ ચિંતા દેખું ચિતમાં અપાર,
નહીં શાંતિ સુખ આપને લગાર;
શી વાત છે અઘાત કોવિચાર. કરૂં. ૧
રાત દીનની ગતિ ભૂલ્યાછો પ્યારા,
આપ દુઃખથી દુઃખી અધિક દારા;
કહી શાંત કરો કાંત પ્રભુ મારા. કરૂં. ૨

પ્રતાપ— **રાગ સોરઠ.** તેં ઘટમાં ઘર કીધું. એ રાહ

સુણુ વાત કહું આ વાર, પ્રિયા મનની ખરીરે. ટેક.
ક્ષત્રિપણું ક્ષીતિથી લય પામ્યું, જોર યવન અવનીમાં જામ્યું;
સુખ વસુધાનું વામ્યું, મુગલ મરજી ફરીરે. સુણ. ૧
ભૂપતિ દાસ થયા ભય પામી, મૂકિ માન કરી કુળ હાનિ;
થયા શરન શિર નામી, નિજ પુત્રી દઇરે. સુણુ. ૨
ધરા થઈ ધીર વીર વિના આ, દેખું મહીપતિ માલ વિનાના;
તજી ટેક તુર્કોની, સાથ રહ્યા મળીરે. સુણુ. ૩
ધર્મ ભ્રષ્ટ થયા સહુ ક્ષત્રિ, ગુમાવિયાં ગુણુ ને ગાયત્રિ;
ગયા શાહની પાસે, કૂળ કાળું કરીરે. સુણુ. ૪
માટે પ્રાણુપ્રિયા અસિ ધરીને, મારૂં મુગલ મન ક્રોધ કરીને;
ગઢ ચિતોડ લેવાની, પ્રતિજ્ઞા મેં કરીરે. સુણુ. ૫

(કરૂં વિનંતિ સુણો ઋષિરાય. એ રાહ.)

જેના જશ જગતમાંહી ગવાય, મહીપર મર્દ તેજ મનાય. ટેક.
વિના જશ વ્યર્થ જન્મ ગણાય, જીવિત સહુ એરવત થઈ જાય;
જતાં શીર ચિતમાં જશ ચા'ય. મહીપર. ૧

ગુમાવે ગેહ દેહ ધરણી, વળી પ્રિય તન ધન ને ઘરણી;
જેના જશકાજ પણ જીવ જાય. મહીપર. ૨
શોભા જશકેરી જગત વિષે, નહીં અન્ય એવી શોભા દીસે;
જશે વડીલોને ધન્ય વદાય. મહીપર. ૩
બાપા સંગ આદિ મહા કાર્મે, થયા જશવંત ને ધાર્મે;
જીવ્યું જશથીજ, સફળ તો થાય. મહીપર. ૪

રાણી— સૈયાંનો કનરો.

પ્રાણપતિ ધન્ય હિંમત તમારી, વર્તશો ક્ષત્રિની રીત સુધારી.ટેક.
કાયર રણને જોઈ ડરી ધરે, પિઠ જહાં ઝલકે ખડ્ગ બધારી.પ્રા.
શુદ્ધ ક્ષત્રિની રીતિ છે તમમાં, પૂર્વ નૃપોની મેં રીતિ વિચારી.પ્રા.
સમરમાં પડવું એ કામ ક્ષત્રિનું, અવર પુરૂષ પામે ડર ભારી પ્રા.
પૂર્ણ પ્રતિજ્ઞા પતિ તમે કરશો, આવે પ્રતીતિ મુજને તમારી. પ્રા.

પ્રતાપ— સદર.

ધન્ય હિંમત તુજ છે પ્રાણપ્યારી, વચન સુણીને બનું સુખકારી;
શુદ્ધ ક્ષત્રિની પુત્રી ખરી તું, શૌર્ય ભરેલી વાણી છે તારી.વચન.
તુજ સમ હાલ વિરલ હશે કો,પવિત્ર ધરામાં સુધર્મ ધારી.વચન.

પ્રવેશ ૪ થો.

પ્રતાપ— માલિની.

દિનકર સમકીર્ત્તિ, ક્ષત્રિના બાહુ કેરી,

નિશદીન અતિ પામે, ત્રાસથી નાશ વેરી;
જરૂર ઉર શું જાણી, રાખશો ટેક ભાઈ,
નિષ્કલંક રહેશો, ક્ષત્રિની રીત માંહી. ૧

ગીતિ.

મળશે સંપત્તિ સર્વે, સંપ સજી સઉ રહો મિત્ર મારા;
કલેશ કુસંપ વિસારી, ક્ષત્રિ કુળ અભિમાન ધરો પ્યારા. ૧

સામંતો— બનજારો.

મેવાડ મહિપતિ કાંઈ, શંકા ન કરો મનમાંહી. ટેક.
જયમલ ફતેસિંહ જેવાં, કરશું રણ પરાક્રમ તેવાં;
નહીં ક્ષત્રિ નામ ડુબાએ, શંકા ન કરો મનમાંહે. ૧
શૂરવીર શીસોદિઆ સાથે, નૃપહમીરવંશીએ હાથે;
કર્યાં ઠાર કૈંક રણમાંહી. શંકા. ૨
આ ઘોર અસિની ધારે, યવનોનો અંત આ વારે;
લઈ કરશું આપ સવાઈ. શંકા. ૩
રાણાની ચડતી ચાહીયે, ભલે સુત વિત સ્ત્રીવિણ થઈએ;
કરીએ તે પ્રતિજ્ઞા આંહી શંકા. ૪
છે મેવાડ માથા સાટે, અતિ રહો ન આપ ઉચાટે;
કમી અમે ન કરશું કાંઈ. શંકા. ૫

પ્રતાપ— ગીતિ.

ધીર વીર વાંલાઓ, સ્નેહ તમારો અપાર ઉર ધારી;
મુદિત થાય મન મારૂં, સુણી તમારાં વચનો સુખકારી. ૧

પ્રવેશ ૬ ઠ્ઠો

પૃથિરાજ — **બિહાગની લાવણી.**

સુણો મુગલશાહ, શીરતાજ ક્ષત્રિની રીતિ;
કરી "પ્રતાપ" સાથ, સંગ્રામ પામશો ભીતિ. ટેક.
એ વીર પુત્ર "પરતાપ," અટંકી રાણો;
નહીં નમે આપને, કદી જરૂર મન જાણો. ૧
સુતેલ સિંહને, શીદ શાહ છંછેડો;
કરે અરીતણો એ ભક્ષ, નહીં લ્યો કેડો. ૨
આ શૂરવીર સહુ સરદાર, હિંમત ઉર ધારી;
અભિમાની કરવા, થયા કુલ ખુવારી. ૩
પનગના મુખમાં, હાથ શીદ ધારો છો;
કેમ કુસંપ કેરૂં, ધામ આપ ચાહો છો. ૪

માલિની.

ગરવ બ્હૌ ગળિયા, સિંહની સાથ લડતાં,
નૃપતિ કૈક નાઠા, મૂકિને માન પડતાં;
ચિત ચકિત થાએ, જોઈને આંખ જેની,
શરિર શિથિલ પામે, ઝપટ વિક્રાલ એની. ૧

લાવણી.

આ અવનિમાં એ ખરો, નૃપ સૂર્યવંશી "પરતાપ;"
કદી વચન કાજ, (૨) મર થાય ખુવારી આપ. ટેક.
સંગ્રામ સમે, (૨) નવ ત્રાસે એ નિરધાર,

અરીતણો એ કાળ છે, કહ્યું સત્ય વચન આ વાર;
ક્ષત્રિવટમાં, (૨) છે કુલ અભિમાની આપ. આ૦ ૧
આધાર એક (૨) રાખે દિલમાં ત્રિપુરારી,
ટેકતણા એ તોરમાં, કદી કરે ન કુલ ખુવારી;
ઘાએલ સિંહ, (૨) જેમ કરે અરીની ઘાત. આ૦ ૨
શું કાજ આમ, (૨) કુસંપ અતિ ઉર ધારો,
રહેન કબજે કેશરી,અનમી એ આપ વિચારો;
શીર સહે દુઃખ, (૨) નિષ્કલંક રહેવા કાજ. આ૦ ૩

પ્રવેશ ૯ મો.

અમરસિંહ. શિવ ધનુષ્ય કઠિન કઠોરરે એ રાહ.

વડા થઈ શું પૂછો છો આચાર,
દિલમાં કરી જુવો દીર્ઘ વિચાર. ટેક.
જે ક્ષત્રિ પુત્રી તુર્કને દઈને;
ભ્રષ્ટ બન્યા કુળે કલંકિત થઈને. વડા૦ ૧
ભ્રષ્ટ સંગે કહો કેમ જમાય;
તેથી રાણાજી છે નિરૂપાય. વડા૦ ૨
યવન સગાં કરી, જોડે જમેલા;
ધર્મ જ્ઞાતિનું, તત્વ તજેલા. વડા૦ ૩
એવા ક્ષત્રિ, પતિત સદોષ;
કહે છે રાણાજી અન્ય ન રોષ. વડા૦ ૪

સત્ય હું કદી નહીં ચૂકુંરે—એ રાહ.

જોયું જોયું હવે આપ ગુમાન, પૃથ્વી શું ન ક્ષત્રિ જાણોછોરે,
નથી ગયું શૂરાઓનું નસતાન. ટેક.
મોટો થયો શાહ તેથી કો શું થાય; પૃથ્વી૦ ૧
કેમ તેને તાપે પુત્રીઓ અપાય. પૃથ્વી૦ ૨
બહુ બગડયાં ક્ષત્રિ બીજા ઠામ ઠામ; પૃથ્વી૦ ૩
બેટી આપી કરે શાહને સલામ. પૃથ્વી૦ ૪
એવી શૂરા ક્ષત્રિઓની નહીં રીત; પૃથ્વી૦ ૫
તેને હું તો માનું બંડળ ખચિત. પૃથ્વી૦ ૬
તમે કોણ આંકડો ઉતારનાર; પૃથ્વી૦ ૭
જાઓ કરો શાહ પાસે જઈ પોકાર. પૃથ્વી૦ ૮
નથી જાણતા શીસોદિયાની વાત; પૃથ્વી૦ ૯
દીલ્હિ તોડી કરૂં શાહની ઘાત. પૃથ્વી૦ ૧૦

માનસિંહ— **સદર.**

નવ આણો ઉર માંહી અભિમાન, રાણાજી અહંકાર તજોરે;
નવ ખંડ માંહી ગણાશો નાદાન. ટેક.
અમે શાહને દીધી તનયાજ; રાણાજી૦
એ તો આપના રક્ષણ કાજ. રાણાજી૦
તેની આપને ગણતી નથી કાંઇ; રાણાજી૦
એનું પરિણામ જોશો દુઃખદાઇ. રાણાજી૦
ક્ષત્રિ કુળતણો આપનો અંકૂર; રાણાજી૦
યાદ રાખજો કરીશ હું દૂર. રાણાજી૦

આમંત્રણ કરી કીધું અપમાન; રાણાજી.
પણ ઉતારીશ આપનું ગુમાન. રાણાજી. ૪
કરૂ મેવાડીયોદ્ધાઓ સહુ ઠાર; રાણાજી.
શોધી સંહારૂં રાણાનો પરીવાર. રાણાજી.૫
ત્યારે થશે મારા દીલને કરાર; રાણાજી.
નહીં તો ધિઃક ધિઃક મુજ અવતાર. રાણાજી ૬

પ્રતાપ— સહર.

સુણો માનસિંહ રાજન્, ભલી રીતેથી ભેટશું રે;
યુદ્ધકાજ આવશો જે દીન. ટેક.
મુજકુંવરે સાચું કીધું વચન; ભલી.
તેથી માઠું લાગ્યું શું આપને મન. ભલી. ૧
વડાં વચન વદે શું થાય; ભલી.
પંચ મહી પછી પતિયાર જાય. ભલી. ૨
સૈન્ય સજી સામા આવશો જેવાર; ભલી.
ક્ષત્રિ રીતેથી કરીશ સતકાર, ભલીરીતેથી ભેટશું રે. ૩

પ્રવેશ ૧૨ મો.

પ્રતાપ— શિવ ધનુષ્ય કઠીન. એ—રાહ.

સ્નેહની વેલ વિશેષ પ્રસરવા, પત્ર પ્રીતે લખ્યો સંકષ્ટ હરવા. ટેક.
સ્વદેશાભિમાની પ્યારથી પૂરો, શોભે નહીં શાહપાસે એ શૂરો. સ્નેહ.૧
ધન્ય ધન્ય પૃથિરાજની પ્રીતિ, પ્યાર અપારની યોગ્ય છે રીતિ. સ્નેહ.૨

રામસિંહ (વાંચેછે.) પ્રિયા કરો નહીં કલ્પાંત. એ—રાહ.

પ્રિય "પ્રતાપસિંહ" પવિત્ર, સદ્ય સાવધ થજોરે. ટેક.
માન જાન સલીમની લઈને, વરવા કબર શું આવે ચહીને;
મેમાનોને માનદઈ, સામા જજોરે. પ્રિય. ૧
લાખ ફોજ લઈ લડવા આવે, ફસાવી તમને તે નવ ફાવે;
દુશમન હારે દાવે, એરીતે સજોરે. પ્રિય. ૨
ક્ષાત્રધર્મ ઉત્તમ જાણોછો, ઉરમાં શૂર અતિ આણોછો:
(પુરણ) "પ્રતાપ" પરમાણોછો, યુદ્ધતણો મજોરે. પ્રિય. ૩
ભાતભાતનાં શસ્ત્રો સાથે, હોંસધરીને મળજો હાથે;
નથી મેવાડા નાથે, ટેક કદી તજ્યોરે. પ્રિય. ૪

પ્રતાપ— સત્ય હું કદી નહીં ચૂકુરે—એ રાહ.

મુજ પ્રાણપ્રિયે પૃથુરાજ, પ્રીતેથી પત્ર મોકલ્યોરે;
કીધો આભારી મૂને આજ. ટેક.
દુઃખદધિથી બચાવવા કાજ; પ્રીતેથી૦
ક્ષત્રિ રીતિ તણી ધારી મનલાજ. પ્રીતેથી૦
ક્ષત્રિ ટેકતણો અંકુર દેનાર; પ્રીતેથી૦
ધન્ય ભાઈ તારો પ્યાર અપાર. પ્રીતેથી૦
નહીં મળવો જગતની માંહી; પ્રીતેથી૦
તુજ સમ પ્યારા પૃથુરાજ ક્યાંઇ. પ્રીતેથી૦

સામંતો— કાફી હોરી.

રાણાજી પૂછો શું અમને વારંવાર. ટેક.

હતા જવાના તે ગયા લાજ લોપી;
આ તો રહ્યા પ્રીત જોડી અપાર. રાણાજી. ૬
કલંકિત કરી કુળ જીવે જગતમા;
ક્ષત્રિ નહીં એ તો કહીએ કુંભાર. રાણાજી. ૨
આ શીર બાપજી આપના જાણો;
જાત લજવશું અમે ન લગાર. રાણાજી. ૩

પ્રવેશ ૧૪ મો.

રાણી—(જાગીને) દક્ષણી રાહની લાવણી.

અશુભ સ્વપ્ન શું, થયું મુને અતિરે,
ઉર ઉદાસ, થઉં નિરાશ, સરવ આશ, સમી–
ચોપાસ, વિકલ થઈ મતિરે. ટેક.
હામ કેમ હું, ઈશ હારતીરે; દુઃખની જવાલ, અરે આ વાર–
આવી અપાર, નહીં કરાર, દહન અંગ કરતીરે. અશુભ. ૨

ગીતિ.

કંપે ગાત્રો મારાં, અશુભ સ્વપ્નથી બની છું આજારી;
શુદ્ધ ક્ષત્રિની રક્ષા, કરજે અંબા હે માત મારી. ૧
સ્વધર્મ સ્વદેશ રક્ષા, કરતાં જંગ મચાવ્યો છે નાથે;
અકબર જેવો શત્રુ, માનસિંહ મળિયો વળી તે સાથે. ૨
ક્ષત્રિ પુત્ર લોભાયા, જાત માત ને તાત વગોવિને;

પક્ષ યવનનો પકડયો, દળબળ પુષ્કળ ગયું તેથી વધીને. ૩
તેથી યવનની ફોજો, ભારે ચારે કોર અરે ભાસે;
મેવાડ વીર પુરૂષોનાં, દેવી કૃપાથી વિઘ્નો દૂર થાશે. ૪

દાસી— પ્રિયે પ્રાણપતિ વિનતિ. એ રાહ.

કેમ ચિંતાતુર ભાસો મુને બાઈ મારી. ટેક.
કમળ કરમાઈ જવાથી જેમ ઝાંખ મારે;
તેમ આપનું મુખારવિંદ છે અત્યારે. કેમ. ૧
માટે વિનય વાણીથી વિશેષ હું કહું;
કહો દીલની તમામ વાત આપ સહુ. કેમ. ૨

રાણી— આશાગોડી.

સ્વપ્ન થયું દુઃખકારી, સુણરે દાસી. ટેક.
શું કહું તુજને કહ્યું નથી જાતું, ભયભિત બનું છું ભારી. સુ૦ ૧
હદાસી ઉરમાં અતિ ઉપજી છે, વ્યાકુળ થાઉં વિચારી. સુ૦ ૨

આપનો અપાર પ્યાર—એ રાહ.

દાસી શું કહું તુંને હું, સ્વપ્ન તણી વાત;
જોયું શાહ સૈન્ય, કર તું ભારે ઉતપાત. ટેક.
હલદી ઘાટને મેદાને, ભામલો મચ્યો;
હાર આપણી પડીને, હઠયો મોરચો. ૧
રામસિંહ માનસિંહ, વળી શીસોદિયા;
શૂરા કેક કામ આવિયા, લડી લીધાં. ૨

કામલમેર ત્યાગી, આપણુ ગયાં સહુ;
અરવલીમાં રહી કષ્ટ, વેઠીવાં બહુ. ૩

દાસી—અરે માતુ શી આ વાત તેં વિચારી એ રાહ

કરો નહીં ચિંતા આવી દુઃખદાઇ;
સ્વપ્ન સત્ય ગણો છો શું બાઇ. ટેક.
શુદ્ધ પતિવૃત્તા, છો ધર્મધારી; રાખો ઈશ આધાર સદાઈ. ક૦ ૧
છે આપ નાથ અતિ પુણ્યશાળી; કેમ કષ્ટ કરે પ્રભુ કાંઈ. ક૦ ૨
કલેશ ત્યાગી રાખો પ્રભુનો, પૂર્ણ ભરૂસો ઉરની માંહી ક૦ ૩

પ્રતાપ— બનજારા.

જવા યુદ્ધમાં મુજ તૈયારી, દે હર્ષે રજા પ્રિયે પ્યારી; ટેક.
રાણી—કરી જીત અરી દળ મારો, ભલે સુખેથી આપ પધારો.ટેક.
પ્રતાપ—મૂવા ક્ષત્રિ કેક રણુવાટે, આ આર્ય વસુધા માટે;
જો દીલમાં દીધું વિચારી. દે હર્ષે૦
રાણી—પણ સ્વપ્નુ મુજને નઠારૂં, થયું તેથી કંપે દીલ મારૂં;
પ્રભુ કરે ન ઉલટા વિકારો. ભલે૦
પ્રતાપ—નવ ચિંતા કર દીલ પ્યારી, સ્વપ્ન અસત્ય એમ વિચારી;
છે સૈન્ય સર્વ તૈયારી. દે હર્ષે૦
રાણી—સ્વામી સ્નેહની એજ છે રીતિ, ખાસું સ્વપ્ન થકી મન ભીતિ;

થાય તર્ક વિતર્ક હજારો. ભલે૦

પ્રતાપ—પ્રિયા ક્ષત્રિની રીત તું જાણે, કેમ કુતર્ક દીલમાં આણે

કલેશ મનના મૂક વિસારી. દે હર્ષ૦

રાણી—જરા આરામ ઉરમાં ધારી, બેસો આસનપર સુખકારી

દીન દાસીની વિનતી સ્વીકારો. ભલે૦

પ્રતાપ—ચિત્ત ગયું મુગલ અરી દળવા, ભૂમી આર્ય તણું દુઃખ હરવા

થાય વિકલ વૃત્તિ પ્રિયા મારી. દે હર્ષ૦

રાણી—પતિ સઘ શત્રુ સંહારો, પાળો ટેક લીધેલો પ્યારો;

કરે વિજય ઈશ તમારો. ભલે૦

જાગોને મારા પ્રાણ. એ રાહ.

પ્રિય જય પામી પધારજો, સૂર્યવંશના શેર; (૨)

શીસોદિયા કુળને ઉજ્વલ કરી, વાળી શત્રુનું વેર. (૨) પ્રિય. ટેક.

મ્લેચ્છ કંટકથી મેવાડનો, પ્રભુ કરજો ઉદ્ધાર; (૨)

શાહ અને માનસિંહની, હજો હરદમ હાર. (૨) પ્રિય.

અમરસિંહ— ઘુપ ઘુપ જારે એ રાહ.

આશાદીઓ મુને, માતુ વિજય કરૂં. ટેક.

રણમાં જઈને યુદ્ધ મચાવું, તુર્કોને ઝટ તાકી મારૂં રે. વિ૦૧

અરી દળ હું એક પળમાં હણીને, સલિમશાહને સંહારૂં રે. વિ૦૨

ખડ્ગ ધરી ખાંતે ખેલી ખુશીથી, શત્રુમાં ત્રાસ બેસારૂં રે. વિ૦૩

ઈશ કૃપા ને માતુ આશિશે, રણે વિજય કરી ફરૂં રે. વિજય કરૂં. ૪

પ્રવેશ ૧૫ મો.

રામસિંહ- સત્ય હું કદી નહીં ચૂકુરે ઓ રાબ.

ધન્ય ધન્ય મારા પરાક્રમી પુત્ર, તું માર કુલ દિપાવ્યું તે રે,

મુજ જન્મ સફળ કર્યો સુત. ટેક.

તેં જનમ ધરી જગમાંય; તુંમારઃ

લીધો કીર્ત્તિનો કોટ સદાય. તુંમાર. ૧

તુજ પરાક્રમ જાણી હું આ વાર; તુંમાર.

થયો કૃતારથ મુજ અવતાર. તુમાર. ૨

સ્વર્ગે પહોંચી સારૂં શોધજે ધામ; તુંમાર.

હમણાં આવું છું હું ભાઈ ધરી હામ, તુમાર કુળ દિપાવ્યું તે રે. ૩

પ્રવેશ ૧૬ મો.

પ્રતાપ. ગીતિ.

મળશે નહીં મહીતલમાં, ચેતક તારા તુલ્ય અશ્વ મુજને;

સંરક્ષણ કરનારો, ભય હરનારો શોધું ક્યાં તુજને. ૧

સલીમશાહ સપડાવ્યો, સાધન તારાથકી હાથી હોદે;

રણુસોબતી રણધિરા, વીરા તારાવરે જુઓ જુદે. ૨

પ્રવેશ ૧૭ મો.

પૃથુરાજ. ચલ હું કદી નહીં ચૂકુરે એ—રાહ.

સુણો દીલ્લિપતિ સુલતાન, અટંકી એ છે હિંદુપતિરે;
જાતાં શીર નહીં છોડે નિજ માન. અટંકી. ટેક.

લખે નહીં કદી પત્ર "પરતાપ," અટંકી;
લીધું પણ નિરંકુશ રે'વા આપ. અટંકી. ૧

જેમ ધ્રુવ તારા મંડળમાં એક; અટંકી.
તેમ અચળ "પ્રતાપ" ની ટેક. અટંકી. ૨

સૂર્યવંશ તણા સિંહનો એ બાળ; અટંકી;
નમે કદી ન અનમી ભૂપાલ. અટંકી. ૩

તજ્યું સ્વદેશાભિમાન માટે રાજ; અટંકી.
વેઠે વન નિજ વચનને કાજ. અટંકી. ૪

પ્રવેશ ૧૮ મો.

રાણી— પંચવટીમાં શ્રી રઘુવીર. એ રાહ.

અમપર અવિનાશી, આફત શું આપાગ આ જો;
પટે નહીં જનપાલક, જુગદાધારજો. ટેક.

કુળરક્ષકને કારણુ, કાનન વેઠતાં જો;
ફરતાં જ્યાં ત્યાં, તરૂવર તળે નિવાસ જો.
ભયભિત થઈને, ગીરી ગુફામાં પેસતાં જો;
કારણુ કેવળ, કુળ અભિમાનને કાજજો. અમ૦ ૧
મહીમાવંતી મેવાડ, ગાદી ઉપરે જો,
બેસી કરતાં, રાજ રવીકૂળ નંદ જો;
તેજ રાજવી રખડે, આજે રાનમાં જો,
વિઘ્ન કરે છે, પૂર્વ પાપના વૃંદ જો. અમ૦ ૨
રાજ મુગલનું મહીતલ માંહી જામીયું જો,
ભૂપતિ ભડ સૌ કીધા કબજે આજ જો;
હામ ધરી હરવા, શૂરવીર સમશેરને જો,
ક્ષત્રિપણું ક્ષીતિમાંથી, કરવા નાશ જો. અમ૦ ૩
અસુર યવન અગ્નિ, અવનિમાં ઉલટચો જો,
બાળ્યાં તેણે ક્ષત્રિ, બીજ અમાપ જો;
રાખી રજપૂત બાળા, નિજ દરબારમાં જો,
જવન જોરથી લે છે, સહુની લાજ જો. અમ૦ ૪
જીવન જુગદાધાર, ઘટે નહીં તુજને જો,
દુઃખ દાવાનળ દેવાં, આમ અનાથ જો;
ભક્તિભાવ તું જાણી, ભવપતિ ભૂધરા જો,
ક્ષમા કરો કરૂણાકર, થઈ સનાથ જો. અમ૦ ૫

અમરસિંહ— આ શો કોપ અચાનક. એ—રાહ.

કેમ ચંચળ ચિંત ચિંતામાં દીસે ચકચૂર;
થાયે આપ પરિતાપ અપાર માતાજી ઉર,
કરી કૃપા કહો સહુ તર્ક કરી દઈ દૂર;
સુણિ વાત થાઉં હું શાંત કો માતુ જરૂર. ટેક.
શોક સાગરમાં જોઉં ડૂબેલ આપ અપાર,
નથી સુખ કે શાંતિ કાંઈ શરીરે લગાર;
કાંઈ કષ્ટ કાયામાં છે કહું કરી નિરધાર,
સત્ય કે'વાથી થાશે માતાજી મુજને કરાર. કેમ ચંચળ.

રાણી— કોપ શો પ્રભુ આ સમે. એ—રાહ.

ઈશ હવે તું ક્ષમા કરી, કાપ કષ્ટ કૃપાળ;
દુઃખના ઉદધિ અપાર આ, દૂર કરને દયાળ. ટેક.
પોઢવાં છત્રપલંગમાં, સુંદર મહેલ મોઝાર;
પોઢે હવે તે ઘાસપર, ભૂમિ તળનો આધાર. ઈશ. ૧
જમતાં ભોજન ભાત ભાતનાં, હુકમ કરતાં હજાર;
તે આજ કંદફળ ખાઈને, રખડે રાનમોઝાર. ઈશ. ૨
કુળશુદ્ધ કેરે કારણે, પરહર્યું રાજપાટ;
દુઃસહ દુઃખદરિઆવતે, દેવ વાળેછે દાટ. ઈશ. ૩

ધિરજ ધારી રણછતાં, પામ્યાં દુઃખનો ન પાર;
કર્મની રેખ કેવી હશે, કૃપા કર કીરતાર. ઈશ. ૪

પ્રતાપ— **આશાગોડી.**

ધિરજ ઉરમાં ધારો, પ્રિયા મારી૦ ટેક.
સુખ દુઃખ સહુએ સહેવાં શરીરે, એ વિણુ એક ન આરો. પ્રિયા૦
સંકટ સમયે દૃઢ મન રાખો, હિંમત શું મન હારો; પ્રિયા૦
દુઃખથી હારે તે હીચકારા, શૂરવીર નહીં હઠનારા. પ્રિયા૦
સુખ મળશે સત્ય અંતે તરશે, દીલગીર ન થશો દારા. પ્રિયા૦

સામંતો– **રોળાવૃત્ત છંદ.**

સ્વસ્તિ શ્રી શુભસ્થાન, વસે જહાં મેવાડ નૃપતિ;
સર્વ ક્ષત્રિમાં શ્રેષ્ઠ, શુભગુણ સોહે સુમતિ. ટેક.
શીસોદિયામાં સિંહ, રવીકુલમાં હું પેખું;
ક્ષત્રિવટની છાપ, આપ ઉરે અતિ દેખું. ૧
અનમી રે'વાકાજ, રાજ, તજીયું કુળ તરવા;
હરવા મહીનો ભાર, ઠાર યવનોને કરવા. ૨
રાણા કુળની છાપ, આપ તેં વીર સોહાવી;
કરવા અરીનો નાશ, રીત રજપૂત વિચારી. ૩
લખીતંગ પૃથુરાજ, તખત દીલ્હિપી તુજને;
દીનતણો આ પત્ર, મિત્ર પ્રિયે તું સુજને. ૪

રહ્યો અમર તુજનામ, ઠામ ઠામે હું આહું;
કીર્ત્તિ સુણુતાં તુજ, મુજ ઉરમાં હરખાઉં ૫
આ અવનિમાં એક, ટેક રાખી તેં વિર;
યથા ક્ષત્રિ પદભ્રષ્ટ, શાહ સાથે સહુ હીરા. ૬
શુદ્ધ ક્ષત્રિની બાલ, હાલ તુર્કે ઘર રાખી;
ન મળે ક્ષત્રિ નામ, મ્લેચ્છમય અવનિ આખી. ૭
દીલ્લિ શાહે દલાલ થઇ, સહુ ક્ષત્રિ ખરીદ્યા;
જાતી ક્ષત્રિનું સર્વ, ખરીદી કીધી કુવિદ્યા. ૮
નાના મોટા સર્વ, "પ્રતાપ"વિના વેચાયા;
તરકાણે દઇ પુત્રી, યવનના શ્વસુર ગણાયા. ૯
ગાલ વિનાના ભૂપ, દેખું દીલ્લિમાં ફરતા;
રે'શો આ ઉતપાત, નમન તુર્કોને કરતા. ૧૦
દીલમાં બહુ અફસોસ, કહું શું મુખથી મિત્ર;
દીલ્લિપતિને શાને, યવા લખીયો શું પત્ર. ૧૧
વાર વાર એ પત્ર, શાહ અભિમાન કરીને;
વંચાવ્યો સહુ પાસ, હુલાસ હૈયે અતિ ધરીને. ૧૨
રાજ તજ્યું શું કામ, આમ શું હિંમત હારી;
યથા ક્ષત્રિ સહુ રતઅ્ત, તુજ આ કૃત્ય વિચારી. ૧૩
શું અવનિમાં આમ, ક્ષત્રિવટ જાવા બેઠી;

થતાં યવનનું રાજ, ક્ષત્રિની ગરદન હેઠી. ૧૪
માન હીન સહુ થયા, રાજવંશી આ વારે;
આણે સહુ અભિમાન, એક તુજ નામ આધારે. ૧૫
સંતાડી સમશેર, બાત તેં શું આ વારે;
કરવા અરીનો નાશ, આશ તુજ ખંજર ધારે. ૧૬
નહીં કર દીલમાં આશ, એક દીન નાશ થવાનો;
નથી અમર આ કાય, જીવ નિશ્ચેજ જવાનો. ૧૭
શું શત્રુથી ડરી, ક્ષત્રિવટ ખોવા બેઠો;
રે શું કલંકિત કણી, તુજ કુળમાં પણ પેઠો. ૧૮
દીર્ઘ વિચારે દેખ, રવીકુળ કેરી રીતિ;
થાય કદી કુળ નાશ, ન છોડે ટેક પ્રતીતિ. ૧૯
સત્ય કાજ હરિશ્ચંદ્ર, સહન સંકટ શીર કીધું;
એક વચનને કાજ, રાજ ઋષિને દીધું, ૨૦
માટે મિત્ર સુજાણ, ભાનુકુલ રીત વિચારી;
શત્રુ દળથી શૂર, જાય શું હિંમત હારી. ૨૧
અનિત્ય તેજ બળ તણો, આવશે આખર અંતે;
બટ માગશે માફ, પાથરી ખોળા ખંતે, ૨૨
બહાદુર બાપાવંશ, ખલકમાં ખ્યાતિ કીધી;
હિંદુપત પાદશાહ, તણી તેં પદવી લીધી. ૨૩

પતિત ક્ષત્રિને શુદ્ધ, થવા તુજ આજ્ઞા જોશે;
વખત આવશે વીર, ધીર ઉરમાં તું ધરજે. ૨૪
ગર્વ મૂકીને સર્વ, શુદ્ધ ક્ષત્રિ બીજ આશે;
આવી નમશે પાય, પ્રીતથી "પ્રતાપ" પાસે. ૨૫
લખ્યો પત્ર મેં પ્રીત, રીત ઉર એમ વિચારી;
કરવા તુજને જાણુ, ભાણુકુળ છે અધિકારી. ૨૬
વધુ લખ્યું હોય મિત્ર, ચિતમાં લેશ ન ધરજે;
ખેંચી ખંજર હાથ, શત્રુ સામો ડગ ભરજે. ૨૭
મતિમાન મતિ ધિર, વીર ગુણુવાન વિવેકી;
વિગત વાર તુજ પત્ર, અત્ર મોકલજે ટેકી. ૨૮

પ્રતાપ— ભૈરવી.

કોઇ દુશમને કરીયું આ કાળું રે, પત્ર કર્તવી દુષણવાળું. ટેક
મને ખટ્ટ પાડવા કાજે રે, પેર્યું પાદશાહને મૂર્ખ રાજે.
પણ માણુસ કોઈ ન માને રે, પૃથ્વી "પ્રતાપને" પૂછ્યું પીછાને.
કદી શાર્દૂલ ઘાસ ન ખાયે રે, આથમણે ઉદય નહીં થાયે.
મેરૂ અડગપણું નહીં મૂકે રે, સતી પતિવ્રત કદીએ ન ચૂકે.
ક્ષત્રિવટ ક્ષત્રિ શીરસાટે ધરશે રે, ટેક માટે તે ઝુઝીને મરશે.
કરે "પ્રતાપ" પ્રતિજ્ઞા ન વ્યર્થ રે, ભલે થઈ જાય ભારે અનર્થ.
જો હું યવનને શીર નમાવું રે, તો તો કુળમાં કપૂત કહાવું.
લાજશું શું મારાં માત ને તાત રે, એવો કેમ બને ઉલકાપાત.

ધનાશ્રી.

કૃપા કરો કીરતાર, અમપર, કૃપા કરો કીરતાર. ટેક.
ધર્મ સ્વદેશના રક્ષણ સાર, આરત સહું છું અપાર. અમ૦ ૧
રાજ્ય અને સુખસાજ ગયું છે, હવે થઈ હદપાર. અમ૦ ૨
આત્મતણી પણ આપદા પડતાં, દેશ તજુ નિરધાર. અમ૦ ૩
ટેક કારણ મેવાડ માતાને, છેલ્લા કરું છું જુહાર. અમ૦ ૪
ભરત ભૂમીને આર્ય ધરમની, રક્ષા તમે કરનાર. અમ૦ ૫

પ્રવેશ ૧૯ મો.

પૃથુરાજ— **ચોપાયા.**

પવિત્ર પ્યારો મિત્ર, શુદ્ધ પૃથુરાજ તું મારો:
વિસ્તારી વિશેષ પત્ર વાંચ્યો મેં તારો, ટેક
નરનો તે ન લખેલ, પત્ર વાનરનો પેખું;
જે ખરી માને વાત, તેમને તેવા લેખું. ૧
નમવાની સ્વપને વાત, ધાત થાતાં આ મારી;
નહીં બનવાની બાત, જુવોને દીધું વિચારી. ૨
"પ્રતાપ"માં છે પ્રાણ, ધાણ કુટુંબનો વળતાં;
પણ નહીં હારું હામ, શાહની સામો લડતાં. ૩

ગરવું એકજ વાર, વાત એમાં શી મોટી;
તેમાં તજવી ટેક, છેક કરી કીર્ત્તિ ખોટી. ૪
આહથી બે પરવાહ, નીડર નિધડક હું નિત્યે;
જંગલ મંગળ ગણું, રહુ કુળ શુદ્ધની રીતે. ૫
વધુ લખાયું ભાત, માફ કરજે તું પ્યારા;
ધન્ય ધન્ય પૃથુરાજ, મૈત્રિના પાળો ધારા. ૬

પ્રવેશ ૨૦ મો.

પ્રતાપસિંહ. રાગ સોરઠની ગજલ.

શીદઆપો મોટાઈ તમે, કીધું કામ શુ મેં આ સમે ટેક.
શુદ્ધ કુળ રે'વા કારણે, તજી રાજ રખડયો! આરણે;
કામ કષ્ટ હું બહુ પામીને, કીધું રાજ રાનસમાન મેં. શીદ.
પણ ટેક ના તોરે જોરમાં, રાખી હામ ઝુઝો જુદ્ધમાં;
સહાય આવી શંભુએ કરી, ગયું રાજ સોંપ્યું ઇશ્વરે. શીદ.
ધરાકાજ બહાદૂરો બહુ, રાખી ટેક રણે રહ્યા કહું;
જીવ જાતાં તસુએ ન ખોઈ ધરા, એ ક્ષત્રિનો ધર્મ અનાદિછે.શીદ.

સ્ત્રીઓ—(આનંદથી ગાતી પ્રવેશ કરેછે.) રાગ મહાદેવવિવાહનો.

ચાલો સરવે સૈયરો જોઈ જશ ગાવારે.
શૂરવીર રાણા "પ્રતાપ" ને વધાવારે. ટેક.

છત્ર ધરે સૂર્યવંશી નૃપ આજેરે.
પૂર્ણકળા મેવાડ સૂર્ય બિરાજેરે. ચાલો.
ધન્ય ધન્ય ભાગ્ય સહુ નરનારીરે.
ઘેર ઘેર ઉત્સવ આજ દીવાળીરે. ચાલો.

(વધાવતાં) રાગ. કાલિંગડો.

આનંદ દીન આજરે. (૨)
શોભે મેવાડો મહારાજરે. ટેક.
અધર્મ આ વસુધામાં વિલોકી, ખેંચ્યું ખંજર હાથ;
નાશ કર્યો અરીદલનો આપે,રાખી રજપૂત લાજરે. આ૦
માન વધાર્યું મેવાડ ગાદીનું, ધન્ય ઉદેસુત ધન્ય;
યવનનું અભિમાન ઉતાર્યું, ધન્ય રવીકુળ તંનરે.આ૦
વિપ્રો વૃંદ મળી સહુ આપે, આશિર્વાદ વચન;
અચલ આ અવનિને વિષે, તપો રાજ તુજ રાજનરે.આ૦

રાગ કલ્યાણ.

બધાં પાત્રો મળી ગાયછે.

આર્યબંધુઓ, કૃપા અતિ કરી;
પધારીઆ સ્વદેશી સુજ્ઞ, હર્ષથી ભરી. આર્ય.
શીસોદિયા કુલસિંહ ઉપન્યો, મેવાડનો મહારાજ;
પ્રીતિપૂર અમોએ તેનું, ચરિત્ર ભજવ્યું આજ. આ૦
ક્ષત્રિપુત્રી ઉદરે એવાં, પ્રગટો પુત્ર રતન;
આર્યવસુધા માટે જેણે, અરપ્યાં તન મનધન. આ૦
વિશ્વવિષે વિશ્વંભર એવા, પ્રતાપીરાજા થાઓ;
શત્રુ સર્વે પરાજય પામી, કલેશ કુસંપતી જાઓ. આ૦

સ્વદેશ રક્ષણ માટે સર્વે, આણો ઉરમાં ગર્વ;
નીજકુળ કરી આર્યબાંધવો, ટેક રાખજો સર્વ. આ૦
આર્યહિત વર્ધક આ વારે, માગે ઈશ્વરપાસ;
ભરત ભૂમિના શત્રુનો, કરૂણાકર કરજે નાશ. આ૦

સમાપ્ત.

જાહેર ખબર.

અમારી પાસેથી નીચે મુજબ કિંમતની ઓપેરાની ચોપડીઓ બાહાર પડી છે તો જે સાહેબોને જોઈતી હશે તેને રોકડ પૈસે વાંકાનેર આર્યહિતવર્ધક નાટક કંપની પાસેથી મળશે.

	કિંમત.
હરિશ્ચંદ્ર નાટકના ઓપેરા.	રૂ ૦—૮—૦
ગોપીચંદ નાટકના ઓપેરા	રૂ ૦—૮—૦
કેદારસિંહ પરમારના ઓપેરા.	રૂ ૦—૨—૦
સીતા સ્વયંવરના ઓપેરા.	રૂ ૦—૨—૦
ભર્તૃહરી નાટકના ઓપેરા.	રૂ ૦—૨—૦
આપરાજ હાડાના નાટકના ઓપેરા.	રૂ ૦—૨—૦
મહારાણા પ્રતાપસિંહના ઓપેરા.	રૂ ૦—૨—૦
દીવાળી દુઃખદર્શક ફારસના ઓપેરા	રૂ ૦—૮—૦
ડાંગવ્યાપાખ્યાન નાશકારક ઘોડી નાટક	રૂ ૧—૮—૦

એ રીતે પુસ્તક અમારી પાસેથી મળશે તથા વાંકાનેરમાં રા. રા. વકીલ કેશવજી દેવનંદ પાસેથી, વઢવાણ શહેરમાં ત્રવાડી જેશંકર મોરારજી પાસેથી, મોરબીમાં રા. ભટ્ટ. ચકુ વિ. વજુદા તથા રા. સોની પોપટ વિ૦ ભાગવાનજી પાસેથી, અમદાવાદમાં કૃપાશંકર ગંગાશંકર મહેતા ઠે. પંચભાઈની પોળમાં. પાટણમાં રા. રા. દશરથલાલ ગંગારામ તથા પાટડીમાં રા. વેલજી રણછોડદાસ પાસેથી એરીતે મળશે.

વિનંતિ.

ગ્રંથકર્તા.